# નકલી એન્કાઉન્ટર બાદ નકલી જુગારની રેડ ?

## પાલનપુરમાં ભાજપના પૂર્વ નગરસેવકનો ચોંકાવનારો ઘટસ્ફોટ : પી.એસ.આઈ. સહિત ૧૧ પોલીસકર્મીઓ સામે લેખિત ફરિયાદથી ખળભળાટ : જુગારનો ખોટો કેસ કરી ૫.૮૮ લાખની ઉચાપત કરી હોવાના ચોંકાવનારા આક્ષેપો

પાલનપુરના ભાજપના પૂર્વ નગરસેવક સહિત ૧૧ નબીરાઓ જુગાર રમતા ઝડપાયા હતા. જે કેસમાં નવો વળાંક આવ્યો છે. નકલી એન્કાઉન્ટર બાદ હવે નકલી જુગાર રેડની ઘટના સામે આવી છે. પૂર્વ નગરસેવકે પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ સહિતના પોલીસકર્મીઓ સામે જુગારનો ખોટો કેસ કરી રૂ.૫.૮૮ લાખની ઉચાપત કરી હોવાની લેખિત ફરિયાદ કરતા પોલીસબેડાંમાં ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર શહેર પૂર્વ પોલીસે ગત તા.૧૦મી જાન્યુઆરીએ શિવમાર્કેટમાં આવેલા હરિ ચેમ્બર્સમાં રેડ કરી ૧૨ જુગારીયાઓને ઝડપી લીધા હતા. જેઓ પાસેથી રૂ.૧,૬૨,૩૮૦ની રોકડ રકમ અને રૂ.૧,૦૬,૦૦૦ના ૯ મોબાઈલ મળી કુલ રૂ.૨,૬૮,૩૮૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે,આ જુગાર કેસમાં હવે નવો વળાંક આવ્યો છે. નગરપાલિકાના પૂર્વ નગરસેવક અને ટી.પી.કમિટીના પૂર્વ ચેરમેન નરેશભાઈ પટેલે ખુદ પોલીસ સામે ચોંકાવનારા આક્ષેપો સાથેનો ઘટસ્ફોટ કરતા પોલીસબેડામાં ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર નગરપાલિકાના ભાજપના પૂર્વ નગરસેવકે કરેલી લેખિત ફરિયાદ માં જણાવ્યા મુજબ, પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનના પૂર્વ પી.એસ આઈ જે.વી.ચૌધરી સહિત ૧૦ પોલીસ કર્મીઓએ અનધિકૃત રીતે તેમના કારખાનામાં પ્રવેશ કરી ખોટું પંચનામું કરી ખોટા પુરાવા ઉભા કરી જુગારનો ખોટો કેસ કર્યો હતો.

ભાજપના પ્રતિષ્ઠિત અગ્રણી નરેશ પટેલે પોતાની તથા અન્ય વેપારી અગ્રણીઓની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડનાર પૂર્વ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સહિતના ૧૦ આરોપી પોલીસકર્મીઓ સામે ભારતીય ફોજદારી કલમ ૧૪૩, ૧૬૬, ૧૬૭, ૧૯૩, ૧૯૯, ૨૦૦, ૩૭૯, ૩૮૩, ૪૦૯, ૪૧૧, ૧૨૦-બી, ૧૧૪ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાની લેખિત ફરિયાદ કરી છે.

### સીસીટીવી ફૂટેજ ખોલશે ભેદ?

ભાજપ અગ્રણી નરેશ પટેલે પોતાની ફરિયાદના સમર્થનમાં જુગારની કહેવાતી રેડથી લઈને તેમની અટકાયત સુધીના પોતાના કારખાનામાં લાગેલા સીસીટીવી ફૂટેજ પણ રજૂ કર્યા છે. જેમાં તેઓએ પોલીસ દ્વારા તમામ પાસેથી બળજબરીથી રોકડ રકમ રૂ.૭,૫૦,૫૩૦ રૂપિયા કઢાવ્યા હતા. જે પૈકી જુગારની રેડમાં રૂ.૧,૬૨,૩૮૦ જ બતાવ્યા છે. જેથી બાકીના રૂ.૫,૮૮,૧૫૦ને પોલીસે સરકારી તિજોરીમાં જમા કરાવ્યા વિના વિશ્વાસઘાત કરી પોતાના અંગત ઉપયોગમાં લીધા હોવાનો ચોંકાવનારો આક્ષેપ કર્યો છે. વળી, ગંજીપાના પણ મેનેજ કરાયા હોવાનું જણાવાયું છે. ત્યારે આ તમામ ચોંકાવનારા આક્ષેપો મામલે સીસીટીવી ફૂટેજ પોલીસની કથિત રેડનો ભેદ ઉકેલશે તેવું મનાઈ રહ્યું છે. ત્યારે જો કથિત જુગારની રેડ પણ નકલી સાબિત થશે તો પોલીસની વિશ્વનીયતા પર સવાલ ઉભા થવાની સાથે પોલીસની ઈમેજ પર ધબ્બો લાગશે તેવી ચર્ચાએ વેગ પકડ્યો છે.




## પાલનપુરમાં આઝાદીના લડવૈયા સુભાષચંદ્ર બોઝ વિસરાયા

આજે સમગ્ર દેશ ભારત માતાના પનોતા પુત્ર આઝાદીના લડવૈયા સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતીની ઉજવણી કરી રહ્યો છે. ત્યારે પાલનપુર ખાતે રાજકીય પક્ષો સુભાષબાબુને વિસરી ગયા હતા. રાષ્ટ્ર પુરુષોના નામે રાજકીય રોટલા શેકતા રાજકીય નેતાઓ કે કાર્યકરોને સુભાષચંદ્ર બોઝ ને પુષ્પાંજલિ આપવામાં પણ ઉણા ઉતર્યા હતા. તુમ મુઝે ખૂન દો- મેં તુમ્હે આઝાદી દૂંગા નો નારો આપનાર આઝાદ હિન્દ ફોઝના સ્થાપક સુભાષ ચંદ્ર બોઝની આજે જન્મ જયંતિ છે. ત્યારે પાલનપુરના કીર્તિસ્થભ વિસ્તાર માં આવેલી સુભાશબાબુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવા ભાજપ-કૉંગ્રેસ સહિત એક પણ રાજકીય પક્ષનો નેતા ડોકાયો ન હતો. જેને પગલે સુભાષચંદ્ર બોઝ સ્મારક સમિતિના એક માત્ર ઉપસ્થિત મંત્રી મહેન્દ્રસિંહ ભાટી સહિત સ્થાનિક વેપારીઓએ સુભાષબાબુની પ્રતિમાને ફુલહાર કરી પુષ્પાંજલિ અર્પી હતી. રાજ્ય કક્ષાનો ધ્વજ વંદન સમારોહ પાલનપુર ખાતે યોજાનાર છે. જેને લઈને શહેરને શણગારવામાં આવી રહ્યું છે. શહેરમાં રાષ્ટ્ર પુરુષોની પ્રતિમા ઓને પણ રોશનીથી ઝળહળતી કરાઈ છે. ત્યારે રાષ્ટ્રના પનોતા પુત્ર સુભાષ બાબુને ભૂલી જતા રાજકીય નેતાઓ, વહીવટી તંત્ર સહીત પાલિકા તંત્ર સામે લોકોએ ફિટકારની લાગણી વરસાવી હતી.

## લ્યો બોલો : અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીના ઉદ્દઘાટન પહેલા કચેરીની બહાર ભ્રષ્ટાચારની તિરાડો




મોડાસા, તા. ૨૩

મોડાસાના શામળાજી રોડ પર અરવલ્લી જીલ્લા સેવાસદન પાસે નવનિર્મિત અને ઉદ્દ્ઘાટનની રાહ જોઈ રહેલી અરવલ્લી જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરીનું કરોડો રૂપિયાના એંધાણ કરી બનાવવામાં આવેલી ઈમારતના બહારના ભાગે મોટી મોટી તિરાડો દેખા દેતા તકલાદી હોવાનું ઉજાગર થવા પામ્યું છે. જીલ્લામાં પ્રજાજોની રક્ષા કરતા પોલીસતંત્રની નવનિર્મિત જીલ્લા કચેરીમાં તિરાડો પડતા પોલીસતંત્રની સુરક્ષા જોખમાય તો નવાઈ નહિ.

અરવલ્લી જીલ્લા પોલીસ અધિક્ષકની નવનિર્મિત કચેરીના બહારની દિવાલોના ભાગે અને પિલરમાં મોટી તિરાડો ઉપસી આવતા કોન્ટ્રાકટર દ્વારા અધિકારીઓની મીલીભગતથી કામકાજમાં વેઠ ઉતારવામાં આવી છે. હજુ તો ઉદ્દ્ઘાટનની રાહ જોઈ રહેલી પોલીસ અધિક્ષકની કચેરીમાં કરોડો રૂપિયાના એંધાણ પછી તૈયાર થયેલી બિલ્ડિંગમાં બહારના ભાગે જ તકલાદી કામની ચાડી ખાઈ રહી છે, તો કચેરીના અંદરના ભાગે કેવા પ્રકારનું કામકાજ કરવામાં આવ્યું હશે તેવા અનેક પ્રશ્નાર્થ જીલ્લા સેવાસદનમાં કામકાજ અર્થે આવતા જીલ્લાના પ્રજાજનોમાં ઉદ્દભવ્યા છે.

### નાની ભટામલ ગામમાં જુગાર રમતા પાંચ જુગારીયા ઝડપાયા

પાલનપુર તાલુકાના નાની ભટામલ ગામની સીમમાં પોલીસે બાતમીના આધારે રેડ કરી હતી. જ્યાં જુગાર રમતા પાંચ જુગારીયા રૂ. ૧,૩૯,૦૪૦ ના મુદ્દામાલ સાથે પોલીસના હાથે રંગે હાથ ઝડપાઈ ગયા હતા .

પાલનપુર તાલુકા પોલીસે બાતમીના આધારે નાની ભટામલ ગામની સીમમાં દાંતીવાડા ડેમની ખુલ્લી જમીનમાં બાવળની ઝાડીઓની પાછળ રેડ કરતા પાંચ જુગારીયા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જેમની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧૧,૫૪૦, મોબાઈલ નંગ-૫, રિક્ષાન.જીજે-૦૮-એટી-૪૭૩૨, બાઈક ન.જીજે-૮-એબી-૪૯ મળી કુલ રૂપિયા ૧.૩૯.૦૪૦ નો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

### પાલનપુરમાં પોલીસને બાતમી આપવાના મુદ્દે મારામારીમાં ૧૩ ઘાયલ

પાલનપુરની જૂની આર.ટી.ઓ ચેકપોસ્ટ વિસ્તાર પાસે પોલીસને બાતમી આપવાના મુદ્દે બે જૂથો વચ્ચે મારામારી થઈ હતી. જેમાં ૧૩ લોકો ઘાયલ થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## એલઆરડી ભરતી પરીક્ષામાં સરકારના માથે ગ્રહણ, પરીક્ષા રદ કરવા હાઈકોર્ટમાં પીટીશન કરાઈ

### ઉત્તરવહીમાં બારકોડેડ સ્ટીકર તેમજ પ્રશ્નપત્ર કોરા હોવાના મુદ્દે રીટ


લોક રક્ષક દળની પરીક્ષાનો વિવાદ એટલો છેડાયો છે કે નાના છોકરાંઓને પણ ખબર પડી ગઈ છે કે આવી કોઈ પરીક્ષા યોજાઈ હતી. ત્યારે બીજી વાર લેવાયેલ એલઆરડીની પરીક્ષામાં બારકોડેડ સ્ટીકર અને પ્રશ્નપત્ર કોરું આવવાના મુદ્દે ગીતાબેન નરેશકુમાર બારીયાએ મંગળવારના રોજ હાઈકોર્ટમાં પરીક્ષા રદ કરવા પીટીશન દાખલ કરી હતી.

### પાંચ ઉમેદવારોએ હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી

બારિયા ગીતાબેન નરેશકુમાર - મોરવાહડફ (પંચમહાલ)
પરમાર કૃતિકકુમાર ઉદાભાઈ - બનાસકાંઠા
રબારી રામદેવ સરતાનભાઈ - બનાસકાંઠા
સોલંકી તરૂણ પ્રવિણભાઈ - અમદાવાદ
પંચાલ હેમંતકુમાર ધીરૂભાઈ - બાયડ (અરવલ્લી)

લોક રક્ષક દળની પરીક્ષા જાણે સરકારને માથે કાળી ટીલી બની રહી હોય તેમ જાત જાતના પ્રશ્નો સર્જાતા રહે છે. સૌ પ્રથમ વખત લેવાયેલ એલઆરડીની પરીક્ષા લેવાય તેના એક કલાક પહેલાં જ પરીક્ષાનું પેપર લીક થયું હતું. જેના કારણે તાત્કાલીક પરીક્ષા રદ કરવાનો નિર્ણય સરકારે લેવો પડ્યો હતો. પરીક્ષા રદ થવાને કારણે પરીક્ષાર્થીઓને ભારે હાલાકી વેઠી વીલા મોંઢે ઘરે પરત ફરવાનો વારો આવ્યો હતો. બાદમાં આ પેપરલીકના કૌભાંડીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરાયા હતા અને કેટલાક ઝડપાયા પણ હતા. બાદમાં લોક રક્ષક દળની પરીક્ષા આપવા માટે સરકારે પરીક્ષાર્થીઓને મફત પાસની વ્યવસ્થા કરી આપી જે તે સ્થળે પરીક્ષા આપવા માટે પહોંચાડ્યા પણ હતા ત્યારે આ પરીક્ષામાં ઉત્તરવહીમાં બારકોડેટ સ્ટીકર તેમજ પ્રશ્નપત્ર કોરૂ આવવાને મુદ્દે હાઈકોર્ટમાં મંગળવારના રોજ રીટ કરવામાં આવી હતી અને પરીક્ષા રદ કરવા માટે માંગ કરાઈ હતી.

લોક રક્ષક દળની પરીક્ષા અસુરક્ષીત હોય તેમ જાત જાતના વાંધા વચકા સામે આવી રહ્યા છે. રાજ્યના લાખો ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભરી પરીક્ષા આપી પાસ થવાના અને લોકરક્ષક બનાવવાના સપના જોયા હતા. ત્યારે એલઆરડીની પરીક્ષાનો દિવસ તો આવી પહોંચ્યો પરંતુ પેપર ચાલુ થવાના એક કલાક પહેલાં જ વ્હોટસએપ મારફતે પ્રશ્નપત્ર લીક કરી દેવામાં આવ્યું હતું. પેપર લીક થવાની તંત્રને ખબર પડતાં જ તાત્કાલીક નિર્ણય લઈ પરીક્ષા રદ કરવી પડી હતી. પરીક્ષાર્થીઓને દુર દુરના સ્થળે પરીક્ષા આપવા માટેના નંબર આવતાં ભારે મુસીબત વેઠીને પરીક્ષા સ્થળે તો પહોંચ્યા હતા પરંતુ પરીક્ષા રદ થતાં ઉમેદવારોને વીલા મોંઢે પરત ફરવું પડ્યું હતું.



મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય,
ગુજરાત સરકાર,
સ્વર્ણિમ સંકુલ-૧,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
Chief Minister's Office,
Govt. of Gujarat,
Swarnim Sankul-1
Sachivalaya, Gandhinagar-382 010

ક્રમાંકઃ મુમક/Reg/2019/2665
તા. 18/01/2019

શ્રીમાન,

અરજદાર શ્રી ગીતાબેન નરેશકુમાર બારીઆ એ તેમની તા. 10/01/2019 ની અરજીથી લોકરક્ષક પોલીસ દળની પરીક્ષાનું પેપર અધુરૂ આપવા બાબત માન. મુખ્યમંત્રીશ્રી કાર્યાલયમાં કરેલ બિડાણ સહિતની રજુઆત અસલમાં ની રજૂઆત આ સાથે સામેલ છે.

ઉક્ત રજૂઆત ચકાસીને નિયમાનુસારની કાર્યવાહી કરવા તથા કરેલ કાર્યવાહીની વિગતો અરજીની જાણ હેઠળ સંબંધિતોને મોકલવા આજ્ઞાનુસાર વિનંતી છે.

વધુમાં આ બાબતે પુનઃ પત્રવ્યવહાર કરવાનો થાય તો આ કાર્યાલયનો ઉક્ત પત્ર નંબર અને તારીખ અચૂક દર્શાવવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
ઉપસચિવ

પ્રતિ,
1. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, બ્લોક નં. ૨, નવા સચિવાલય, ગાંધીનગર

Book Post

પ્રતિ,
શ્રી ગીતાબેન નરેશકુમાર બારીઆ
ગામ નાગલોદ, તા. મોરવા (હડફ), જિ. પંચમહાલ
આપની રજૂઆત પરત્વે જરૂર જણાયે ગૃહ વિભાગનો સંપર્ક કરવા વિનંતી છે.

BP 382010 19.01.2019 2F59 00382577 ₹4.00 P685978

જો કે બીજી વાર લોક રક્ષકદળની પરીક્ષા યોજવાનો સરકારે નિર્ણય કર્યો હતો અને જે પરીક્ષાર્થીઓ હતા તેઓએ કોલ લેટર બતાવતાં મફત પાસ આપી ઉમેદવારોને પરીક્ષાના જે તે સ્થળે મફત લઈ જવા માટે પણ સરકારે નિર્ણય લીધો હતો. જો કે બીજીવાર પરીક્ષા યોજાતાં ઉમેદવારોમાં ફરીથી ઉત્સાહ છવાયો હતો અને પહેલાં કરતાં બમણી મહેનત કરી પરીક્ષામાં પાસ થવા માટે કટિબધ્ધ થયા હતા. બીજી વખત લોક રક્ષાકદળની પરીક્ષા તો પરિક્ષાર્થીઓએ આપી દીધી પરંતુ જાણે ખાટલે ખોડ હોય તેમ પરીક્ષામાં છબરડો થયો હોવાથી બારીયા ગીતાબેન નરેશકુમાર સહિત પાંચ ઉમેદવારોએ હાઈકોર્ટમાં મંગળવારના રોજ હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી છે. હાઈકોર્ટમાં પીટીશન દાખલ થતાં લોક રક્ષકદળની પરીક્ષામાં ફરીથી ભૂકંપ આવ્યો છે અને ફરીથી લોક રક્ષક દળની પરીક્ષા આપનારા ઉમેદવારોમાં અચંબો છવાઈ ગયો છે.

### કાનડાની સગીરાને ભગાડી જનાર શખ્સ અંકલેશ્વરથી ઝડપાયો

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર તાલુકાના કાનડા ગામની અનુસૂચિત જનજાતી પરિવારની એક સગીરાને ઈલોલ ગામનો એક શખ્સ અગીયાર દિવસ અગાઉ ભગાડી ગયો હતો. જે અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ બાદ પોલીસે તેને સગીરા સાથે રવિવારે રાત્રે અંકલેશ્વરની એક હોટલમાંથી પકડી લીધા બાદ બંનેને સોમવારે સાંજે હિંમતનગર લાવ્યા બાદ મંગળવારે બંનેને મેડીકલ ચેકઅપ માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા તથા ઈલોલમાં સુલેહશાંતિ જોખમાય નહીં તે આશયથી પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ૧૧ દિવસ અગાઉ ઈલોલ ગામે રહેતા પરણીત એવા અકબરઅલી નૂરભાઈ ભુરા કાનડા ગામના અનુસૂચિત જનજાતિ પરીવારની એક અંદાજે ૧૭ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી વાલીપણામાંથી તેણીનું અપહરણ કરી ભગાડી ગયો હતો. જે અંગે સગીરાના વાલીવારસોએ આ અંગે ઈલોલના અકબરઅલી ભુરા પર શંકા કરી તે અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

જે આધારે પોલીસે ભુરાના પરિવારજનો તથા અન્ય પરીચિતોનો સંપર્ક કરી કેટલીક વિગતો મેળવી લીધા બાદ તેને અંકલેશ્વરમાં આવેલ એક હોટલમાંથી સોમવારે રાત્રે સગીરા સાથે પકડી લીધો હતો. ત્યારબાદ ગ્રામ્ય પોલીસ સોમવારે સાંજે તેને ઈલોલ લઈ આવી હતી. જોકે સગીરાને અજ્ઞાત સ્થળે લઈ જવાઈ હતી.




## પારપડા ગામમાં એકતાયાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું

રાધનપુરના ધારાસભ્ય અને ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર ગઈકાલે અંબાજીથી એકતા યાત્રા લઈને નીકળ્યા છે. જે એકતા યાત્રા આજે પાલનપુર આવી પહોંચી હતી. અલ્પેશ ઠાકોરની એકતાયાત્રા આજે બીજા દિવસે પાલનપુરના પારપડા ગામે આવી પહોંચી હતી. જ્યાં તેનું ઉષ્માભેર સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે અલ્પેશ ઠાકોરે સમાજને એકજુટ થવાની વાત પર ભાર મુક્યો હતો. ઠાકોર સમાજ શિક્ષિત, વ્યસનમુક્ત અને જાગૃત બને તે માટે આ એકતા યાત્રા યોજી હોવાનું જણાવી અલ્પેશ ઠાકોરે હું સમાજ માટે રાજનીતિ કરતો હોવાનો દાવો કર્યો હતો. અલ્પેશ ઠાકોર એકતા યાત્રા ના નામે પોતાનું શક્તિ પ્રદર્શન કરી રહ્યા છે. અને આગામી દિવસોમાં તેઓ ભાજપમાં જોડાઈ જશે તેવો આક્ષેપ ખુદ બનાસકાંઠાના ઠાકોર સેનાના પૂર્વ અગ્રણીઓ કરી રહ્યા છે. જેને રદિયો આપતા અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે, હું એવા લોકોને જવાબ આપવા માંગતો નથી અને ભાજપમાં જોડાઉ તેવી કોઈ વાત નથી. અંબાજીથી નિકળેલી અલ્પેશ ઠાકોરની એકતાયાત્રા આજે પાલનપુર ,ડીસા તેમજ ધાનેરાના ગામડાઓમાં ફરશે ત્યારે એકતા યાત્રા અલ્પેશ ઠાકોર પોતાની રાજનીતિ ચમકાવા કરી રહ્યા હોય તેવું સ્પષ્ટ પણે લાગી રહ્યું છે.

## ધી ભિલોડા ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.ના ગોડાઉનનું ભૂમિ પુજન

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ની બાજુમાં મૈત્રી હોસ્પિટલ આગળ શામળાજી ધોરીમાર્ગ ઉપર ધી ભિલોડા ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.ચેરમેન ભીખાભાઈ કે.પટેલ, વ્યવસ્થાપક કમિટી સભ્યોના ભગીરથ પ્રયત્નોથી તા.૧૯/૧/૨૦૧૯ ને શનિવારના રોજ ૧૫ લાખ થી વધુના ખર્ચે ધી ભિલોડા ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.ના ગોડાઉનનું ભુમિ પુજન સમારંભ અધ્યક્ષ મહેશભાઈ અમીચંદભાઈ પટેલ, ચેરમેન ધી સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લી., હિંમતનગરના વરદ્ હસ્તે યોજાયું હતું.

ધી ભિલોડા ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.ચેરમેન ભીખાભાઈ પટેલ, વા.ચેરમેન રામાભાઈ પટેલએ જણાવ્યું હતું કે ધી ભિલોડા ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.નું નવિન ગોડાઉન માટે નાબાર્ડ ધ્વારા ૭૩ ટકા સબસીડી, સાબરકાંઠા બેંકના સહયોગથી અંદાજીત રૂા.૧૫ લાખથી વધુના ખર્ચે નવિન ગોડાઉનનું અદ્યતન મકાન બનશે તેમ જણાવ્યું હતું.

ધી ભિલોડા ગ્રૃપ સેવા સહકારી મંડળી લી. ચેરમેન ભીખાભાઈ પટેલ,વા.ચેરમેન રામાભાઈ પટેલ,સેક્રેટરી ભગવાનદાસ પટેલ,વ્યવસ્થાપક કમિટી સભ્યોએ ગોડાઉનના ભુમિ પુજન કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## માજુમ ડેમમાંથી રવિ સીઝન માટે સિંચાઈ માટે ત્રીજો રાઉન્ડ પાણી છોડતા ખેડૂતોમાં આનંદ

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલ માજુમ ડેમમાંથી રવિ સીઝન માટે ત્રીજા રાઉન્ડનું ૪૮ ક્યુસેક પાણી કેનાલમાં છોડાયું. બંને તાલુકાના ૧૫૦૦થી વધુ ખેડૂતોને સિંચાઈનો લાભ થતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.



અરવલ્લી જિલ્લાના મોડાસા અને ધનસુરા તાલુકામાં ખેડૂતોએ ઘઉં, મકાઈ, દિવેલા અને ચણાનું રવિ સીઝનમાં વ્યાપક પ્રમાણમાં વાવેતર કરેલું છે. ત્યારે માજુમ ડેમમાંથી કેનાલ દ્વારા સિંચાઈનું પાણી મળી રહે એવી ખેડૂતોની માંગ હતી. તે મુજબ રાજ્ય સરકારના સિંચાઈ વિભાગ દ્વારા ૫ રાઉન્ડમાં માજુમ ડેમનું પાણી સિંચાઈ માટે આપવાનું નક્કી કર્યું હતું, તે મુજબ આજ રોજ ત્રીજા રાઉન્ડનું ૪૮ ક્યુસેક પાણી માજુમ ડેમમાંથી કેનાલમાં છોડવામાં આવ્યું છે. માજુમ ડેમમાંથી આવતી કેનાલનો મોડાસા અને ધનસુરા તાલુકાના ૧૫૦૦થી વધુ ખેડૂતોને સિંચાઈનો લાભ મળી રહે છે. આ કેનાલમાં છોડાયેલ પાણી એક અઠવાડિયા સુધી ચાલુ રહેશે. હજુ બીજા બે રાઉન્ડ પાણી છોડવાનું તંત્રએ નક્કી કરેલ છે. ત્યારે રવિ પાક માટે ખેડૂતોને પૂરતું પાણી મળી રહેવાની સંભાવના છે. હજુ માજુમ ડેમમાં ૭૦ ટકાથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જેના કારણે આગામી ઉનાળાના સમયે પણ પીવાના પાણીની મુશ્કેલી પડવાની શક્યતા નહિવત છે.

### ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામ પાસેથી પકડાયો બીયર

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા તાલુકાના મટોડાથી ડોડીવાડા જતા રોડ પરથી આજરોજ સ્ટેટ મોનીટરીંગ સેલની ગાંધીનગર ટીમે રૂ. ૧.૨૦ લાખનો બીયર ફિલ્મી ઢબે ઝડપીને એક ઈસમને ઝડપી પાડ્યો હતો.

ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર માંમેર ચેક પોસ્ટથી પસાર થયેલ એક કાર બીયર ભરીને પસાર થવાની બાતમીને આધારે ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે મટોડા ડોડીવાડા રોડ પર વોચ ગોઠવી હતી. સમય જતા એક શંકાસ્પદ કાર આ રોડ પરથી પસાર થતા કાર રોકવાની કોશીશ કરી પણ કાર પરત જતા પોલીસની ટીમે પીછો કરી કાર રોકવાની કોશીશ કરી પણ કાર ઉભી ના રહેતા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને કાર ઝડપીને ખેડબ્રહ્મા પોલીસને હવાલે કરાઈ હતી. જેમાં પોલીસ કોન્સ્ટેબલે આપેલ ફરીયાદના આધારે રૂ. ૧.૨૦ લાખનો બિયર, રૂ. ૭ હજારનો મોબાઈલ અને રૂ. ૭ લાખની કાર કબજે કરી પકડાયેલ એક ઈસમ તથા અન્ય બે વોન્ટેડ આરોપીઓ સામે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને સ્ટેટ મોનીટરીંગ સેલના પીએસઆઈ વાય.કે. ગોહિલે ફરિયાદ નોધાવી હતી.